| Innovation ID | DTP0010000002574 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title:** પશુને મીણો (Bloat)

**Category:** પશુ સંવર્ધન

**Notebook Number:** lok (૨) ૨-૩ Jun ૧૯૯૭, Pg No. ૨૭

**Brief:** પશુને મીણો (Bloat) ચડે તો  શીમળા(Bombax ceiba)ના ઝાડની છાલનો ઉપયોગ.

**Detail:**

પશુને મીણો ચડે ત્યારે પશુના મોઢામાંથી સફેદ રંગનું ફીણ નીકળે છે, પશુનો શ્વાસોચ્છવાસ ઝડપ બને છે, શ્વાસ લેવામાં બહુ તકલીફ પડે છે, સ્નાયું ખેંચાય છે, શરીરમાં તાણ આવે છે, પેટનો ભાગ ફૂલી જાય છે, ચક્કર આવે છે, મોઢાની અંદરની ત્વચા ભૂરાશ પડતી થઈ જાય છે, લાળ ઝરે છે અને પશુ બેચેની અનુભવે છે.

પશુને મીણો (Bloat) ચડયો હોય તો શીમળા(Bombax ceiba)ના ઝાડની છાલ વાટીને તેનું એક લીટર દ્રાવણ પીવડાવવાથી મીણો ઉતરી જાય છે. આંબાને(Mangifera indica) ફળ ન આવતા હોય કે મોર ખરી પડતા હોય તો ઝાડ નીચે ધુમાડો કરવાથી મોર ખરતો અટકે છે અને ફળ બેસે છે.

પરંપરાગત રીતે વડીલો પાસેથી આ પદ્ધતિ શીખેલ છે.

અન્ય ઉપયોગ કરતા ખેડૂતોના નામ
પારસીંગભાઈ ભલુભાઈ રાઠવા, મું. ઝોઝ, તા. છોટાઉદેપુર
રતનભાઈ ગોહાડાભાઈ રાઠવા, મુ. ચોરવાણા, તા. છોટાઉદેપુર
વિનુભાઈ ભુરાભાઈ રાઠવા, મુ. ઝોઝ, તા. છોટાઉદેપુર
પ્રકાશભાઈ પી. રાઠવા, મુ. ઝોઝ, તા. છોટાઉદેપુર

(આ પદ્ધતિનું પી.આઈ.સી. મુકેશ સોનારાએ ૩૦-૪-૦૬ના રોજ ભરેલ છે. આ પદ્ધતિ સાચી છે અને હાલ પોતે અપનાવતા નથી. પરંતુ ગામના લોકો મોટા ભાગના લોકો અપનાવે છે. આ પદ્ધતિની કોઈ આડ અસર થતી નથી.)

**Method of Use:**

**Caution:**

**Benefit:**

**Condition:**

**Material Used:** શીમળા(Bombax ceiba)ના ઝાડની છાલ

**IPR Status:**

**Keywords:** મીણો, Bloat, પશુ, શીમળા, ઝાડ, છાલ, વડોદરા

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૬૧ | Member Type | Innovator |
|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| First Name | કુલસીંગ | Middle Name | ભગડાભાઈ | Last Name | રાઠવા |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | જે સી કુમારપ્પા ગ્રામ વિદ્યાપીઠ, ગઢડા (સ્વા) | | | | |
| Village | મુ. ઝાંઝ | Taluka | છોટાઉદેપુર | | |
| District | Vadodara | State | Gujarat | Country | India |

**Biography:**

કુલસીંગભાઈ ભગડાભાઈની ઉમર ૩૦ વર્ષની છે. જેઓ એમ.એ., બી.એડ. થઇ પ્રાથમિક શાળાના શિક્ષક છે. તેઓના પિતા ખેતી અને પશુપાલનનો ધંધો કરે છે. માતા પણ ખેતી કાર્ય કરે છે. તેઓને ૪ એકર જમીન છે. જેઓને ત્યાં પિયતની સુવિધા પણ છે. તેમનો રસનો વિષય ખેતી છે.

ગામનો પરિચય-
આ ગામની વસ્તી ૭૦૦૦થી વધારે છે. ગામમાં છુટા છવાયા ઘર જોવા મળે છે. આ ગામમાં રાઠવા, નાયકા તેમજ અન્ય જ્ઞાતિના લોકો જોવા મળે છે. ગામમાં દર રવિવારે હાટ ભરાય છે. જેમાંથી લોકો ખરીદી કરે છે. ગામમાં બે બાલવાડી અને ૧થી ૧૨ ધોરણ સુધીની ભણવાની સગવડ પણ છે. ગામમાં મકાઈ, ઘઉ, ડાંગર, તુવેર, અડદ, મગ જેવા પાકનું વાવેતર વધારે પ્રમાણમાં કરે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૧૫૨ | Member Type | Verifier |
|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| First Name | મુકેશ | Middle Name | બી | Last Name | સોનારા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. મેટાલ, પો. નાનોદરા | Taluka | બાવળા | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |

**Biography:**